
R.N.I. No. : GUJGUJ/2000/447-



અંક ૪૦ : ૧૯

Ahmedabad Jurisdiction

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા •

વેબ સાઇટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી, અમદાવાદ-૭

YEAR-29 • ISSUE: 06 DATE: 04-04-2020 SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## અખબારોનું વિતરણમાં અવરોધ પેદા કરવો તે અપરાધ : આવશ્યક સેવા જાળવણી ધારા(એસ્મા)હેઠળનો અપરાધ ગણાવાયો : ટોચના ધારાશાસ્ત્રીઓનું મંતવ્ય

દેશના ટોચના ધારાશાસ્ત્રીઓએ અખબારોનું વિતરણ આવશ્યક સેવામાં આવતું હોવા છતાં તેના વિતરણમાં થઈ રહેલી ભાંગફોડ પરત્વે ચિંતા વ્યક્ત કરી છે. ધારાશાસ્ત્રીઓએ જણાવ્યું છે કે અખબાર વિતરણમાં અવરોધ સર્જવાથી જાહેર આરોગ્ય માટેની ઈમરજન્સી જેવી સ્થિતિમાં વિશ્વસનીય માહિતીની ઉપલબ્ધિથી લોકો વંચિત થાય છે એટલું જ નહીં પણ અખબાર વિતરણમાં અવરોધ તે આવશ્યક સેવા જાળવણી ધારા(એસ્મા) હેઠળનો અપરાધ પણ છે.

પ્રતિષ્ઠિત ધારાશાસ્ત્રી હરિષ સાલ્વેએ અખબારોને વિતરણ કામગીરીમાં સહેવી પડતી મુશ્કેલી પરત્વે ચિંતા વ્યક્તકરતાં કહ્યુ હતું કે આ યોગ્ય નથી. હરિષ સાલ્વે પુર્વ ભારતના સોલિસિટર જનરલ તરીકે સેવા આપી ચુક્યા છે. કુલભુષણ યાદવ કેસમા તેમણે આંતરરાષ્ટ્રીય કોર્ટમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. સાલ્વેએ જણાવ્યુ હતું કે સોશ્યલ મીડીયાના આજના યુગમાં અફવા અને દુષ્પ્રચારે ઉપદેશનું રુપ લઈ લીધું છે. એક જવાબદાર અખબાર દ્વારા છાપવામાં આવતા શબ્દો તે આવશ્યક સેવા છે.આજની સંકટની ઘડીમાં ગભરાટ અને નિરાશા જન્માવ્યા વિના જવાબદાર પત્રકારો દ્વારા આપવામાં આવતા સમાચાર અસ્તિત્વ ટકાવી રાખવા માટે આવશ્યક છે. હરીષ સાલ્વેએ જણાવ્યુ હતું કે આજની યુધ્ધ જેવી સ્થિતિમાં અખબાર તે આવશ્યક કોમોડીટી છે.આપણે એવા અદ્રશ્ય શત્રુ સામે લડી રહ્યા છીએ કે જેના વિષે આપણે ખુબ ઓછુ જાણીએ છીએ અને માનવ પાસે તેની સામનો કરવા તેની બુધ્ધિ ક્ષમતા એ જ એક શસ્ત્ર છે.લોકડાઉન સમયે ઘર ઘર અખબારોના વિતરણને અવરોધવા પ્રયાસ કરી રહેલાઓને આ ધારાશાસ્ત્રીએ આમ કહીને ચેતવણી આપી હતી.

સોલીસીટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યુ હતું કે અખબારોના વિતરણ પર કોઈ પ્રતિબંધ નથી. તેનો સમાવેશ આવશ્યક સેવામાં થાય છે તેથી કોઈએ અખબારોના વિતરણમાં અવરોધ સર્જવો ના જોઈએ.જ્યારે વરિષ્ઠ ધારાશાસ્ત્રી મનિન્દરસિંહે જણાવ્યુ હતું કે બંધારણની કલમ ૧૯(૧) અને ૧૯(૧)જી આ વ્યવસાયના મુક્ત અભિવ્યક્તિના અધિકારની બાંહેધરી આપે છે.માહીતી પ્રસાર માટે અખબાર વિતરણ માધ્યમ છે. જ્યારે ભારતના જાણીતા બંધારણના નિષ્ણાંત એ.એમ,સિંઘવીએ કહ્યુ હતું કે છાપેલા અખબારની હાર્ડકોપી મેળવવી તે નાગરિકનો બુનિયાદી અધિકાર છે.ચાની ચુસ્કી સાથે તેને વાંચવાનો આનંદ લઈ શકાય. જાહેરખબર દ્વારા થતી આવકો તો અભિવ્યક્તિની આઝાદી અને અખબારના સૈનિકો માટે મેળવવામાં આવેલું યોગ્ય ભંડો ળ છે. પ્રિન્ટ જર્નાલિસ્ટનું કદ ઉંચુ છે.

## ભારતનો વિકાસ દર ૨૦૨૦માં ૪.૫ ટકાથી ઘટીને -૦.૫ ટકા થઇ શકે : નોમુરા

ભારતના આર્થિક વિકાસના આંકડાઓમાં કોઈ સચોટ માહિતી તો આમેય હતી નહીં અને આર્થિક ગાડી પાટા પરથી ઉતરી ગઈ હતી. હવે કોરોના વાઈરસે વૈશ્વિક ઈકોનોમીને ભરડામાં લીધી તેથી ભારત માટે કસોટીના દિવસો ચાલુ થયા છે. લોકડાઉનને કારણે ભારતની ઈકોનોમીમાં ૭૫ ટકા હિસ્સામાં ઉત્પાદન અને વેપારધંધાની કામગીરી ઠપ્પ થઈ ગઈ છે. આવા સંજોગોમાં વર્ષ ૨૦૨૦માં ખરાબમાં ખરાબ પરિસ્થિતિમાં ભારતનો આર્થિક વિકાસ દર નોમુરાએ વાર્ષિક ધોરણે ૪.૫ ટકાથી ઘટાડીને માઈનસ ૦.૫ ટકા અંદાજ્યો છે. નોમુરાના મતે પહેલાં ક્વાર્ટરમાં ઘટીને ૩.૧ ટકા જ્યારે બીજા ક્વાર્ટરમાં વધુ ઘટીને ૬.૧ ટકા રહી શકે છે. જો કે ૨૦૨૦ના બીજા ૬ માસિક ગાળામાં ઈકોનોમી માં સુધારાની સ્થિતિ ઘણી ધીમી રહેશે તેમ નોમુરાના કોરોનાની વિશ્વ પર અસરના અહેવાલમાં જણાવાયું છે.કોરોનાને કારણે ભારતમાં ક્રેડિટ ક્રાઈસીસની ખરાબમાં ખરાબ સ્થિતિ સર્જાઈ શકે છે. કંપનીઓ માટે કામગીરી ચાલુ રાખવાનું મુશ્કેલ બની શકે છે. અને બેન્કોને તેની બેલેન્સ શીટ વણસે નહી તે જોવા મુશ્કેલી પડી શકે છે. નોમુરાના ભારતના મુખ્ય અર્થશાસ્ત્રી સોનલ વર્માએ જણાવ્યુ કે ૨૦૧૯ના ચોથા ક્વ ાર્ટરમાં ભારતનો વિકાસ દર ૪.૭ ટકા હતો જે ૨૦૨૦ના પહેલા ક્વાટરમાં ઘટીને ૩.૧ ટકા થઈ શકે છે. બીજી તરફ નોમુરાની ધારણા મુજબ બીજા ક્વાર્ટરમાં જીડીપી ગ્રોથ ઘટીને માઈનસ ૧૦.૩ ટકા અને ૨૦૨૦ના બીજા ૬ મહિનામાં માઈનસ ૧.૫ ટકા રહી શકે છે. આ ઉપરાંત વધતી જતી બેકારી,આવકમાં ઘટાડો અને સરકારના પગલા સામેની નિરાશા સમાજમાં અસંતોષનો જુવાળ સર્જી શકે છે.

અનાજ અને દવાની અછત વચ્ચે આરબીઆઈ દ્વારા વ્યાજ દરમાં વધુ ૧ ટકાનો ઘટાડો કરવાની શક્યતા નોમુરાએ દર્શાવી હતી.આને કારણે ફુગાવો વધી શકે છે.પરિણામે રાજકોશીય ખાદ્યનો અંદાજ નાણાકીંય વર્ષમાં ૩.૫ ટકાએ સીમીત રાખવાનો ટાર્ગેટ નક્કી કરાયો હતો તે પણ ૫.૫ ટકા કે ૬ ટકા રહેશે તેવી ધારણા છે. જો સરકાર નક્કી કર્યા મુજબ લોકડાઉન ઉઠાવી લે અને સ્થિતિ સુધરે તો જીડીપી ગ્રોથ પહેલા ક્વાટ્રરમાં ૩.૧ ટકા અને બીજા ક્વાટરમાં માઈનસ ૫.૧૦ ટકા રહી શકે છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬

## ભારતમાં કોરોનાનું સંક્રમણ સ્થાનિક સ્તરે પહોચ્યું : વિશ્વ આરોગ્ય સંસ્થા

વિશ્વ આરોગ્ય સંસ્થાએ ૧૯ માર્ચે જારી કરેલા રિપોર્ટમાં જણાવ્યુ છે કે ભારતમાં કોરોનાનું સંક્રમણ સ્થાનિક સ્તરે પહોચી ગયું છે. લોકલ ટ્રાન્સમીશનનો અર્થ એ છે કે કોરોના સંક્રમિત વ્યક્તિ જે તે ભૌગોલિક સ્થળ ખાતે હાજર હોય, ભારતમાં કોરોના વાઈરસના સંક્રમિત રોગીઓની સંખ્યા ૨૦૦ ને પાર કરી ગઈ છે.હાલ ભારતમાં કોરોના વાઈરસનું સંક્રમણ ત્રીજા સ્ટેજમાં છે. જો સ્થિતિ નિયંત્રણમાં નહીં રહે તો આ સ્ટેજમાં કોરોના વાઈરસ ઝડપથી ફેલાવા માંડશે.આ અત્યંત ખતરનાક સ્ટેજ છે.વિશ્વ આરોગ્ય સંસ્થાએ તેના રિપોર્ટમાં જણાવ્યુ હતું કે વિશ્વમાં કોરોના પોઝીટીવ કેસ બે લાખને પાર કરી ગયા છે.વિશ્વમાં એક લાખ કેસ નોધાતા ત્રણ મહિનાનો સમય લાગ્યો હતો.પરંતુ આ સંખ્યા બે લાખ પર પહોચતાં ફક્ત ૧ ૨ દિવસનો સમય લાગ્યો છે. આઈસીએમઆરના વડા ડો.બલરામ ભાર્ગવે ચેતવણી ઉચ્ચારી હતી કે ભારતમાં ૩૦ દિવસમાં કોમ્યુનીટી ટ્રાન્સમીશનનું સ્ટેજ આવી શકે છે.

કોરોનાથી છેલ્લા ૧૦ દિવસમાં ગુજરાતમાં છના મોત, અને લોકલ ટ્રાન્સમિશનનો વ્યાપ વધ્યો છે.જો કે હજુ સુધી લોકોમાં ભય તો છે છતાં જેટલી તીવ્રતાથી તેની સામે આપવાની લડતમાં પ્રજા હજુ આળસું છે. લોકો ભીડમાં એકઠા થાય છે.સરકારના હુકમો છતાં તેનું પાલન કરવામાં આવતું નથી. પોલીસને કાયદાનો અમલ કરાવવા માટે સખ્તાઈ કરવી પડે છે. છતાં લોકોને પોતાનું હિત સમજાતું નથી.કોરોના મહામારી હાલ લોકલ ટ્રાન્સમિશનના તબક્કામાં છે તેવું કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે સ્વીકાર્યું છે.

શ્રમિકોની હિજરત કોરોના મહામારી કરતાં પણ મોટી સમસ્યા છે. કોરોના વાઈરસનો રોગચાળો વ્યાપક ન બને તે માટે સરકાર દ્વારા ૨૧ દિવસના લોકડાઉનની જાહેરાત બાદ શહેરોમાંથી શ્રમિકોની પોતાના વતનના ગામો તરફ સામુહિક હિજરતના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પોતાનો રિપોર્ટ રજુ કરવાનો આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ એસ.એ. બોબડે અને જસ્ટીસ એલ. નાગેશ્વરરાવની બેન્ચે એડવોકેટ આલોક શ્રીવાસ્તવ અને રશ્મી બંસલ દ્વારા દાખલ કરાયેલી જાહેર હિતની અરજીઓની વીડીયો કોન્ફરસિંગ દ્વારા સુનાવણી હાથ ધરતાં જણાવ્યુ હતું કે કોઈપણ આદેશ આપતાં પહેલા અદાલત કેન્દ્ર સરકારનો સ્ટેટસનો રિપોર્ટ જોવા માંગે છે. સુપ્રીમે જણાવ્યુ હતું કે ભયના માર્યા શ્રમિકો દ્વારા થઈ રહેલી સામુહિક હિજરત મહામારી કરતાં પણ મોટી સમસ્યા છે. સરકાર આ મામલામાં પગલાં લઈ રહી હોવાથી અમે કોઈ આદેશ જારી કરીને ગુંચવાડો સર્જવા માંગતા નથી.ચીફ જસ્ટીસ બોબડેએ કહ્યુ હતું કે કોરોના વાઈરસની મહામારીના મામલે પ્રવર્તી રહેલો ભય અને અફરાતફરી વાઈરસ કરતાં પણ ભયાનક છે.

કેન્દ્ર સરકાર વતી હાજર રહેલા સોલીસીટર જનરલ તુષાર મહેતાએ કોર્ટેને જણાવ્યુ હતું કે કોરોના વાઈરસના પ્રસારને અટકાવવા માટે શ્રમિકોની સામુહિક હિજરત અટકે તે અત્યંત જરુરી છે. કેન્દ્ર સરકાર અને સબંધિત રાજ્ય સરકારો હિજરત અટકાવવા માટે જરુરી તમામ પગલાં લઈ રહ્યા છે.

શહેરોમાંથી ગામો તરફ શરુ થયેલી શ્રમિકોની હિજરત અટકવાનું નામ લેતી નથી. આ અંગે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન જણાવ્યુ હતું કે શહેરોની સાંકડી ગલીઓથી લઈને આંતરાજ્ય ધોરી માર્ગો પર હિજરતીઓના મોટા ટોળાં વતન તરફ આગળ વધી રહ્યા છે.૧૯૪૭માં દેશના વિભાજન પછી ભારતના ઈતિહાસમાં પહેલી વાર આટલી મોટી હિજરત જોવા મળી રહી છે.લોકડાઉનના કારણે શહેરો વેપારધંધા અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓ ઠપ થતાં ગામોમાંથી અન્ય રાજ્યોના મોટા શહેરોમાં રોજી માટે પહોચેલા લાખોની સંખ્યામાં શ્રમિકો વતન જવા મજબુર બન્યા છે.કેટલાક હિજરતીઓના જણાવ્યા પ્રમાણે તેમની પાસે છેલ્લા એક સપ્તાહથી કામ નથી.તેમજ છેલ્લા બે દિવસોથી અન્ન વગરના ઉપવાસી છીએ.અમારી પાસેના નાણાં ખર્ચાઈ ચુક્યા છે.અમને કોરોના વાઈરસની બીક લાગે છે. પરંતુ તે પહેલાં અમને ભુખ મારી નાંખશે. આ એક પરિવારની વાત થઈ.આવા તો હજારો પરિવારો અત્યારે ધોરીમાર્ગો પર પગપાળા જ પોતના વતન તરફ પ્રયાણ કરી રહ્યા છે. શ્રમિકોની સામુહિક હિજરતે ૧૯૪૭માં દેશના વિભાજન વખતે થયેલી હિજરતના દ્રશ્યો તાજાં કરી દીધા છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

દોષના ટોપલા કોઈની ઉપર આપણે લગાડીએ પરંતુ તેનાથી વાઈરસની સ્થિતિમાં સુધાર આવવાનો નથી. પરંતુ સરકારે અને આરોગ્ય વિભાગે તેની સામે જરુરી પગલાં લેવા પડે તો જ આ વાઈરસને કાબુમાં કરી શકાશે. લોકોમાં હજુ સુધી કોઈ જાગ્રતતા આવી હોય તેમ લાગતું નથી. ચારેબાજુ લોકડાઉન હોવા છતાં લોકો બેફામ રીતે રખડતા ફરી રહ્યા છે. તેમના મતે આ એક સારુ વેકેશન છે જેનો લાભ ઉઠાવવો જોઈએ.સેવાભાવી સંસ્થાઓ,કે સેવાભાવી કાર્યકરો અને સરકારોએ લોકોને સેવાઓ આપી શકાય તે માટે ભરપુર પ્રયત્નો શરુ કર્યા છે. બેકારોને બે ટંકનુ ભોજન અને શેલ્ટર મળી રહે તેવા પ્રબંધો કરાઈ રહ્યા છે.સ્થળાંતર તોય રોકાતું તો નથીજ તો શું આ દેશની નબળી,અસમજ અને વતન પરસ્ત પ્રજાને મોતને હવાલે કરી દેવી ? રોજબરોજના વાઈરસના પોઝીટીવના આંકડાનો વધતા જાય છે. હજુ સુધી ગામડાઓમાં તેની અસર દેખાઈ નથી. હજુ તો માત્ર પરદેશથી આવેલાઓ અને ધાર્મિક સંમલનો માં ભાગ લઈ આવેલાઓ જ આ વાઈરસના ભોગ બન્યા છે અને તેમના દ્વારા લોકલ ટ્રાન્સમીશન થયું હોવાનું કહેવાય છે. ખરેખર લોકલ ટ્રાન્સમીશન ગામડાઓ સુધી પ્રસરે તો તેની અસરો વ્યાપક હશે. દેશની સ્થિતિ અત્યંત દયાજનક બની જશે. આર્થિક રીતે દેશની ગાડી પાટા પરથી ઉતરી ગઈ છે. ધંધા રોજગારો બેસી ગયા છે. બેકારી નો દર ઉચો ગયો છે.ફુગાવો વધ્યો છે. અને મોંઘવારીએ માઝા મુકી છે. સરકાર પાસે કોઈ નક્કર યોજના નથી. થાળી વગાડવાની કે મીણબત્તીઓ સળગાવવાની કે વીજળી બંધ કરવાથી શું દેશનુ ભવિષ્ય ઉજળું થશે.લોક કલ્યાણના કાર્યક્રમો તૈયાર કરો કે જાહેર કરો.તેનાથી વહીવટીતંત્ર ઉજળું બનવાનું નથી. ઉપરથી ભ્રષ્ટાચાર ફાટી નીકળવાનો છે.સરકારી અનાજ યોજનામાંથી લોકોને વેપારીઓ દ્વારા ઓછુ વજનનું અનાજ આપવું,ઉંચા ભાવ લેવા, સડેલું અનાજ પધરાવવું આવા અનેક બાબતોથી એવું લાગી રહ્યું છે કે દેશમાં અંધાધુધ વ્વવહાર ચાલી રહ્યો છે જેમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ પડી ભાગી હોય તેવું દેખાઈ રહ્યું છે.કાયદાનો અમલ કરાવવો તેનો મતલબ એ નથી કે લોકોને જાહેરમાં લાઠીઓ મારવી.પોલીસને કડકાઈના બહાને સજા કરવાનો અધિકાર આપી દેવાથી સરમુખત્યારશાહીનો દબદબો વધતો દેખાઈ રહ્યો છે.કોરોના વાઈરસે દેશને ભયંકર અધોગતિમાં લઈ જવા માટે માર્ગ પુરો પાડ્યો છે.

અનુ પાન નં ૪ નું ચાલુ

સામનો કરવાનું આવ્યું છે.આપણે ઘણું વેઠવું પણ પડી રહ્યું છે. જો કે એ જ વિષમતાઓ આપણને વધુ કર્તવ્યનિષ્ઠ બનાવે છે. અને વધારે આત્મબળ પુરુ પાડે છે. જે રાષ્ટ્ર માટે આ યુધ્ધ લડશે એ પોતાના અને તેના પરિવારજનોનાં જીવનની રક્ષા કરશે. જે લોકો ચારિત્ર્યહિન છે, જે લોકો રાષ્ટ્રદ્રોહી છે, એ કાયરો શરમનાક મોતે મરશે.હકીકત એ હતી કે થોડા મહિનાઓ પછી હિટલર આપઘાત કરીને પોતેજ શરમનાક મોતે મર્યો હતો.સૌથી કાયર અને સૌથી મોટો દેશદ્રોહી હિટલર પોતે હતો. પછી તેણે લોકોની સહાનુભુતિ જગાવવા તેના જીવ પર કેટલું જોખમ છે એ ગણાવ્યુ અને કહ્યુ કે મારા પર હમણાં જ એક હુમલો થયો. મારાથી અડધો મીટર જ દુર બોંબ ફટ્યો. એમાં હું બાલ બાલ બચ્યો. પછી તેણે કહ્યુ કે હું એક અજાણ્યા, સામાન્ય માણસમાંથી મહેનત કરીને સફળ માણસ બન્યો છું.મહાન વિજેતા બન્યો છું.અને છેલ્લી ક્ષણ સુધી હું વિજેતા રહીશ.

હિટલરે ગાંગરીને ફકીરી જતાવી કે પ્રભુએ આ રાષ્ટ્રને ઉગારવાની જવાબદારી મને સોપી છે. કારણકે મને આ દેશ સિવાય કોઈ અન્ય ઝંખનાઓ નથી. મને ખાતરી છે કે આવા નિર્લેપ ભાવે રાષ્ટ્ર માટે કામ કરતાં વ્યક્તિને પ્રભુ હંમેશા મદદ કરશે. અંતે બંકરમાં ભરાઈને બેઠેલા આ ઉંદરે પોતાની સેના લડે રાખે અને તે બંકરમાં સુરક્ષિત રહી શકે તે માટે સરહદ પ ર લડી રહેલા જર્મન સૈનિકોની શહાદતની આડશ લીધી. મારા સાથી સૈનિકો, જે શહિદોએ રાષ્ટ્ર માટે જીવ દીધો છે તેમની કબર પર આપણે વિજયના પુષ્પગુચ્છ ચઢાવી શકીએ એ માટે તમને હું હાકલ કરુ છું કે તમે ઝઝુમવાનું ચાલુ રાખજો !

સરહદે મરી ફીટેલા સૈનિકોના નામની આગળ માનભેર શહિદ લાગે છે અને આ સૈનિકોના બલિદાનની આડશે સત્તાની ભુખ મિટાવવાની મેલી મંશા રાખતા હિટલરના નામની આગળ 'નરાધમ', 'નાલાયક' અને 'કાયર ઊંદર' જેવા શરમજનક ખિતાબ લાગે છે એ સ્થાપિત હકીકત છે.

(લેખક : સૌમિત્ર ત્રિવેદી , સૌ.ન.ગુ.સ)

કરોળીયો એક મિનિટમાં લગભગ ૬ મીટર લાંબુ જાળુ બનાવે છે. મેકસિકો અખાતમાં થતી મિકગાર્ડીયા નામની માછલીને બાર હાથ હોય છે.


## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


# ફ્રાંસમાં ચર્ચનું વાર્ષિક સંમેલન કોરોના વાઇરસનો ટાઇમબોંબ સાબિત થયું

ફ્રાંસમાં કોરોના વાઈરસના પોઝેટીવ કેસની સંખ્યા ૪૦ હજારને પાર કરી ગઈ છે. ફ્રાંસ સરકારને મોડે મોડે ખ્યાલ આવ્યો કે યુરોપ સહિતના અનેક સ્થળે ફેલાયેલા કોરોના માટે તેની ભુમિ પર યોજાયેલું એક ચર્ચનું વાર્ષિક સંમેલન કારણભુત છે. એ વાર્ષિક સંમેલનમાં સામેલ થવા માટે સેકડો લોકો મ્યુલહાઉસ પહોચ્યા હતા.મ્યુલહાઈસ ફ્રાંસની સરહદને જર્મની અને સ્વીટ્ઝલેન્ડ સાથે જોડે છે.આ વાર્ષિક ધાર્મિક ઉત્સવમાં કોઈ વ્યક્તિ કોરોના પોઝીટીવ હતું. સ્થાનિક સરકારનું કહેવું છે કે આ પ્રેયર મીટીંગ ફ્રાંસમાં કોવિડ-૧૯ના પ્રસારનું સૌથી મોટું કેન્દ્ર સાબિત થઈ હતી.૨૫૦૦ પોઝીટીવ કેસોની કડી અહીંજ જોડાય છે. અહીંથી સંક્રમિત થયેલા લોકો વાઈરસ લઈને પશ્ચીમી આફ્રિકન દેશ ગુયાના,સ્વીટ્ઝલેન્ડ, ફ્રાંસના ન્યુક્લિયર પ્લાન્ટ અને યુરોપના સૌથી મોટા ઓટોમેકર વર્કશોપ સુધી પહોચ્યા હતા.૨૯મી ફેબ્રુઆરીએ ચર્ચે સાથે જોડાયેલો પહેલો કેસ નોધાયો ત્યારે સ્વાસ્થ અધિકારીઓએ એ તમામ લોકોનો પત્તો લગાવ્યો. જે એ સંક્રમિત વ્યક્તિના સંપર્કમાં આવ્યા હતા.અને તેના આધારે લોકોનો સંપર્ક કરાયો હતો. સૌથી પહેલાં સંમેલન દરમિયાન બાળકોની સેવામાં કાર્યરત સ્ટાફનો સંપર્ક કર્યો હતો.પરંતુ તેમાં મોડું થઈ ગયું હતું.ચર્ચનો કેટલોક સ્ટાફ ત્યાં સુધીમાં બિમાર થઈ ગયો હતો.

પરિણામ એવું આવ્યું કે યુરોપ અને અમેરિકા જેવા વિકાસશીલ દેશો તેની ઝપટમાં આવી ગયા. સ્પેન,ફ્રાંસ, ઈટાલી,અમેરિકા વિગરેમાં ભારે તબાહી મચી ગઈ છે.હજુ સુધી સંપુર્ણ પણે આ વાઈરસને કાબુમાં લઈ શકાયો નથી.માત્ર મોતના આંકડાઓ ઘટે તે માટે તમામ સરકારો પ્રયત્નશીલ છે.

# દિલ્હી તબલીગી જમાતમાં કોરોનાનો ખતરો : ૨૦૦ ને ટેસ્ટ માટે લઇ જવાયા

દિલ્હીની નિઝામુદીન મસ્જીદમાં તબલીગી સમાજના હજારો લોકો એકઠા થયા હતા.અને લોકડાઉન તેમજ સોશયલ ડિસ્ટન્સીંગનો ભંગ કર્યો હતો . તબલીગી સમાજના સેન્ટરમાં આ લોકો મલેશિયા,ઈન્ડોનેશિયા અને સાઉદી અરેબીયાથી આવ્યા હતા.સત્તાવાળાઓની જાણમાં આ ઘટના આવતાં ૨૦૦ લોકોને ક્વોરન્ટાઈન કરાયા હતા. ૨૦૦માંથી ૩૪ના ટેસ્ટ પોઝીટીવ આવ્યા હતા.દિલ્હીમાં આટલી મોટી સંખ્યામાં કોરોનાનો ટેસ્ટ કરાવવા કોઈને લઈ જવાયા હોય તેવી પ્રથમ ઘટના છે. નિઝામુદીન મસ્જીદમાં એકઠા થયેલા પૈકી કેટલાક વિદેશમાંથી આવ્યા હતા. જે લોકોને ટેસ્ટ માટે લઈ જવાયા તેમાંથી એકનું મતો થયું હતું. તે તામિલનાડુનો રહીશ હતો.પોલીસે આખા વિસ્તારને સીલ કર્યો છે. આ ઈસ્લામિક પ્રચાર પ્રસાર સેન્ટરમાં ૧૦૦૦થી વધુ લોકો હોવાનું મનાય છે.૧૫ દેશના ૧૦૦થી વધુ વિદેશીઓ અહીયા આવ્યા હતા.અને ૧૦૦૦ ભારતીયો છે. કોઈને બહાર નિકળવાની પરવાનગી અપાઈ નથી. ધાર્મિક સંમેલનો કે ઉજવણીઓમાં ભેગા થતાં લોકો માટે પડકાર છે. આ માટે મૌલવી હોય કે સાધુ સંતો,મહંતો હોય કે અન્ય ધર્મના ધર્મગુરુઓ હોય તેમણે આ બાબતે સજાગતા જાળવવી પડશે. આવનાર દિવસોમાં લોકાલ ટ્રાન્સમીશન વધી શકે છે. અને જો તે ગામડામાં પ્રસરશે તે દેશ અને પ્રશાસન માટે ભારે વિકટ પરિસ્થિતિ ઉદભવશે.

# ભારતીયોમાં ગરમ વાતાવરણને કારણે રોગપ્રતિકારક શક્તિ વધુ છે : વિશ્વ આરોગ્ય સંગઠન

વિશ્વ આરોગ્ય સંગઠનએ કોરોનાનો સામનો કરવા માટે ભારત દ્વારા થઈ રહેલા પ્રયાસોની પ્રશંસા કરી છે. કોવિડ-૧૯ માટેના વિશ્વ આરોગ્ય સંગઠનના વિશેષ પ્રતિનિધિ ડો. ડેવિડ નવારેએ ભારતમાં અમલી લોકડાઉનનું સમર્થન કર્યુ હતું.તેમણે કહ્યુ કે ભારતમાં લોકડાઉન દીર્ઘદષ્ટિથી ભરેલું અને હિંમતભર્યુ પગલું હતું. તેમણે કહ્યુ હતું કે વિકસિત દેશોએ કોરોના સંક્રમણને ગભીરતાથી ના લીધુ. જ્યારે ભારતને રોગનો સામનો કરવા ઝડપી પગલાં ભર્યા.તેમણે કહ્યુ હતું કે ભારતમાં આબોહવા ગરમ હોવાના કારણે રોગપ્રતિકારક ક્ષમતા સારી છે.અમે આશા રાખીએ છીએ કે ભારતીયોનું શરીર કોરોનાને હરાવી દે.ડો.નવારેએ બીસીજી રસીથી કોરોના સંક્રમણ બીમારીનો પ્રભાવ ઘટવા જેવા અન્ય મુદે પણ વાતચીત કરી હતી.ડો. નવારેએ કોરોના મુકાબલા માટે મોદી સરકાર દ્વારા લેવામાં આવેલા કડક પગલાંની પણ પ્રશંસા કરી હતી.તેમણે કહ્યુ કે તકલીફ જેટલી વધુ પડશે તેટલીજ રોગમાં રાહત પર વધશે.

## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# કેન્દ્ર સરકાર દ્વારા દેશના ૮૦ કરોડ ભારતીય ગરીબોને આગામી ત્રણ મહિના સુધી જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વધારાના પાંચ કિલો ચોખા અને અથવા ઘઉ અને એક કિલો દાળ વિનામુલ્યે અપાશે

કોરોના વાઈરસ સામે લડવા અને રોગચાળાને પ્રસરતો અટકાવવા લાગુ કરાયેલા દેશવ્યાપી લોકડાઉનના કારણે મુશ્કેલીમાં મુકાયેલ ગરીબ વર્ગ માટે કેન્દ્ર સરકારે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાહત આપવાનું નક્કી કર્યુ છે.દેશના ગરીબ વર્ગ, સ્થળાંતરી કામદારો,શ્રમિકો અને ખેતમજુરોને આ કપરા સમયમાં મદદરુપ થવા માટે કેન્દ્ર સરકારે રુપીયા ૧.૭૦ લાખ કરોડનું રાહત પેકેજ જાહેર કર્યુ છે. દેશના દરેક વર્ગના નાગરિકોને રાહત આપવા માટે જાહેર કરાયેલ આ પેકેજના લાભ ખાધ્ય સુરક્ષાના પગલાં અને ડાયરેક્ટ કેશ ટ્રાન્સફર દ્વારા પહોચાડવામાં આવશે. પેકેજની જાહેરાત કરતાં કેન્દ્રીયનાણાંમંત્રી નિર્મલા સીતારામને જણાવ્યુ હતું કે અમે લોકડાઉન જાહેર કર્યાના ૩૬ કલાકમાં જ સમાજના આ નબળા વર્ગો માટે તૈયાર કરેલા રાહત પેકેજનો તાત્કાલિક અસરથી અમલ થશે.

સીતારામને જણાવ્યુ હતું ક વડાપ્રધાન ગરીબ કલ્યાણ યોજના અંતગર્ત ૮૦ કરોડ લોકોને લાભ થશે.સરકાર નથી ઈચ્છતી કે દેશમાં એકપણ વ્યક્તિ લોકડાઉન ના કારણે ભુખ્યા રહેવું પડે.સરકાર અત્યારે સૌથી પહેલાં સ્થળાંતરી શ્રમિકો,શહેરી અને ગ્રામીણ ગરીબો પર ધ્યાન કેન્દ્રીત કરવા માંગે છે. આ પેકેજનો મુખ્યત્વે લાભ બિનસંગઠિત ક્ષેત્રના કામદારો,રોજમદારો અને ગરીબોને થશે.

ઓર્ગેનાઈઝ્ડ સેકટરના કર્મચારીઓ માટે મોટી રાહતની જાહેરાત કરતાં નાણાં મંત્રીએ કહ્યુ હતું કે સરકાર આગામી ૩ મહિના સુધી ઈપીએફમાં કર્મચારીઓનો ૧૨ ટકા અને નોકરીદાતાનો ૧૨ ટકા હિસ્સો ચુકવશે.જે કંપનીઓ ૧૦૦ કર્મચારીઓ ધરાવતી હોય અને જેના ૯૦ ટકા કર્મચારીઓના પગાર રુપીયા ૧૫,૦૦૦પ્રતિ માસથી ઓછા હોય તેમના માટે છે.આ નિર્ણયના કારણે ઈપીએફના ૪.૮ કરોડ થાપણદારોને લાભ થશે.

# વિશ્વની આરોગ્ય સંસ્થાએ ટોળાઓમાં યુવાનોને એકઠા નહી થવા માટે અપીલ કરતાં કહ્યુ કે તમે કોરોના વાઇરસથી સલામત નથી


વિશ્વ આરોગ્ય સંસ્થાએ યુવાનોને ચેતવણી આપતાં કહ્યુ હતું કે કોરોના વાઈરસ યુવાનોને સકંજામાં લઈ શકે છે. અને તેમણે સમુહમાં એકત્ર થઈને આ મહામારી વૃધ્ધોમાં જ ફેલાય તે પ્રક્રિયામાં મદદ ના કરવી જોઈએ. અમેરિકી યુવાનો વસંતોત્સવની ઉજવણી કરતાં દરિયા કિનારે રેતમાં પાર્ટીનું આયોજન કરીને સમુહમાં મોજમસ્તી કરી રહ્યા હોવાની તસવીરો સોશ્યલ મીડીયા પર સામે આવતાં આવી પ્રવૃત્તિની ભારે આલોચના કરવામાં આવી હતી.આ આલોચનાઓ વચ્ચે વિશ્વ આરોગ્ય સંસ્થાએ પણ મોજમસ્તી કરી રહેલા યુવાનોને કડક ચેતવણી આપતાં કહ્યુ હતું કે યુવાનો કોરોના વાયરસ સામે અજય નથી. તેમણે યુવાનોને સ્થાનિક તબીબો પાસેથી સલાહ મેળવીને સમુહમાં એકત્ર થવાથી બચવા અપીલ કરી હતી. ટેટરોસે જણાવ્યુ હતું કે કોરોના વાઈરસનો સૌથી વધુ ભોગ વૃધ્ધ લોકો બનતા હોય છે.પરંતુ તેનો અર્થ એ નથી કે યુવાનો અજેય છે. કોરોના વાઈરસ સામે તમે અજેય નથી. વાઈરસ તમને સપ્તાહો સુધી હોસ્પીટલમાં રાખી શકે છે.તે તેમને હણી પણ શકે છે.

તિબેટનુ ઉરુત્સો તળાવ દર બાર વર્ષે મીઠા અને ખારા પાણીમાં ફેરવાય છે.
લાયરબર્ડ નામનું પક્ષી સાંભળેલા અવાજની નકલ કરી શકે છે.
પેંગ્વીન એ એકમાત્ર એવું પક્ષી છે જે પાણીમાં તરી શકે છે પણ ઉડી શકતું નથી.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332


# અડધો ડઝન લોકોની ગેંગ જજોને ખંડણી આપે છેઃ આ લોકોનો ખાત્મો નહીં થાય ત્યાં સુધી ન્યાયવ્યવસ્થા સ્વતંત્ર નહી થાય : ભુત પુર્વ ચીફ જસ્ટીસ ઓફ ઇન્ડીયા

કોગ્રેસ સહિત વિપક્ષ દળોના વિરોધ વચ્ચે રાજ્યસભાના સાંસદ તરીકે શપથ ગ્રહણ કર્યા બાદ પુર્વ ચીફ જસ્ટીસ રંજન ગોગોઈએ ભારતીય ન્યાયતંત્ર અંગે વિવાદ થાય તેવું નિવેદન કરતાં કહ્યુ હતું કે અડધો ડઝન જેટલા લોકો એવા છે કે જ જજોને ખંડણી ચુકવતા આવ્યા છે. આ ગેગ એક લોબીની જેમ કામ કરીને ન્યાયતંત્રને નબળું કરી રહી છે. આથી તેનો ખાતમો કર્યા સિવાય ન્યાય વ્યવસ્થા સ્વતંત્ર નહીં થાય. જો કે પુર્વ ચીફ જસ્ટીસે જાણકારી ન આપી કે તેઓ કઈ લોબીની વાત કરી રહ્યા છે. જે ન્યાયતંત્રમાં ખંડણી આપી રહ્યા છે.ગોગોઈએ આગળ કહ્યુ કે ન્યાયપાલિકાની સ્વતંત્રતાનો અર્થ છે કે આ પ્રકારની લોબની પકડને તોડી પાડવી.જ્યાં સુધી આવી લોબીનો ખાતમો નહીં થાય ત્યાં સુધી ન્યાયતંત્ર સ્વતંત્ર નહીં બને. જો કોઈ કેસ એમની મરજી પ્રમાણે નથી ચાલતો તો ખંડણી આપીને કેસ રોકી લે છે. તેઓ સંભવ તમામ રસ્તાઓ અપનાવી જજોની કાર્યવાહીને નડતરરુપ થવાના પ્રયત્ન કરતા રહે છે. ગોગોઈ મુજબ જજો માટેચચ તેમના મનમાં એક પ્રકારનો ડર છે. જજ આવુ નથી ઈચ્છતા અને શાંતિથી નિવૃત્ત થવા માંગે છે. નોધનીય છે કે અયોધ્યા અને રાફેલ કસનો નિર્ણય સરકારની પક્ષમાં ગયો હતો જે પછી કોગ્રેસ અને વિપક્ષી દળોએ આરોપ લગાવ્યા હતા કે રાજ્યસભાનું સભ્યપદ કેન્દ્ર સરકાર તરફથી પુર્વ ચીફ જસ્ટીસ રંજન ગોગોઈને ભેટ છે.`ની પર ગોગોઈએ આકરી પ્રતિક્રિયા આપી હતી.



જો કે તેમના હસ્તે અપાયેલા કેટલાક ચુકાદાઓ બાબતે દેશમાં ચારેબાજુ ચર્ચાઓ થઈ હતી અને સરકારની તરફેણમાં ન્યાયનું પલ્લુ ઝુકી ગયું છે તેવી માન્યતા પ્રબળ બની હતી.હવે તેમણે ખંડણી અંગે પોતાનું મંતવ્ય જાહેર કરવું જરુરી છે.


કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




# વિકાસની ડીંગો હાંકતી સરકાર તેના લોકોને પીવાના શુધ્ધ પાણી પણ આપી શકતી નથી : છેલ્લા બે વર્ષમાં પાણીના ૫૫ હજાર નમુના બિનપ્રમાણિત ઠર્યા

રાજ્યમાં તમામ નાગરિકોને પીવાનું શુધ્ધ પાણી પુરુ પાડવામાં આવે છે તેવા સરકારના દાવા વચ્ચે છેલ્લા બે વર્ષમાં રાજ્યભરમાં જે પીવાના પાણીના નમુના લેવાયા હતા તેમાંથી ૫૫,૨૭૨ નમુના બિનપ્રમાણિત નિકળ્યા હોવાની માહીતી વિધાનસભામાં આપવામાં આવી હતી.હજારોની સંખ્યામાં પીવાના પાણીના નમુના ફેલ જતાં કોગ્રેસ દ્વારા સરકારની આકરી ટીકા કરાઈ હતી.ટીકા કરતાં કહેવાયું હતું કે મંત્રીઓ એસી ચેમ્બરમાં બેસીને મિનસલ વોટરની બાટલીઓ પીવે છે. અને નાગરિકોને પીવાનુ શુધ્ધ પાણી ન અપાતાં પાણી જન્ય રોગોથી પીડાવુ પડે છે.જે વિસ્તારના બાળકોમાં કુપોષણનું પ્રમાણ વધુ હોવાના કારણે શુદ્ધ પીવાના પાણીની સૌથી વધુ જરુર છે તેવા દાહોદ જિલ્લામાં સૌથી વધુ ૧૧,૭૭૭ નમુના બિન પ્રમાણિત થયા છે.

કોગ્રેસના સભ્યો દ્વારા વિધાનસભામાં પીવાના પાણીના નમુનાઓની ચકાસણી અંગે વિવિધ જિલ્લાની માહીતી માંગતા સવાલ પુછાયા હતા. જેના લેખિત જવાબમાં પાણી પુરવઠા વિભાગે જણાવ્યુ હતું કે કુલ ૫૫,૨૭૨ નમુના બિનપ્રમાણિત થયા છે. જેમાં અમદાવાદ, ગાંધીનગર,રાજકોટ સહિત તમામ જિલ્લાઓનો સમાવેશ થાય છે. કોગ્રેસ દ્વારા આ મુદ્દાને ગંભીર ગણાવીને સરકારની આકરી ટીકા કરી હતી.જો આટલી મોટી સંખ્યામાં નમુના બિન પ્રમાણિત નીકળે તો એનો અર્થ એવો થાય છે કે પાણી પીવા લાયક નથી.મંત્રીઓ જેઓ મીનરલ વોટર જ પીવે છે તેમને શુધ્ધ પાણીની ખબર શું પડે.ગાંધીનગરમાં જ ૨૪૧ નમુના બિનપ્રમાણિત થયા છે.

પાણી પુરવઠા વિભાગે બિન પ્રમાણિત વિસ્તારમાં પાણીની ગુણવત્તા સુધારવા માટે લેખિત જવાબમાં જણાવ્યુ હતું કે આ નમુના સ્થાનિક સોર્સના છે. સરકારના અભિગમ મુજબ આ તમામ વિસ્તારોને સરફેસ સોર્સ આધારીત જુથ યોજનામાં આવરી લેવાયા છે.

લાઈફ મેગેઝીનના કવર પર સૌથી વધુ વાર ચમકનાર એલીઝાબેથ ટેલર એકમાત્ર હસ્તી છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
કેર કોમ્પ્યુટર સેન્ટર
ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પલેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પલેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# ખુદના કુકર્મો છુપાવવા હિટલરે સૈનિકોની શહાદતની આડશ લીધી હતી

## આખરી રેડિયો પ્રજાજોગ સંદેશમાં હિટલરે પોતાની ફકીરી જતાવતાં કહ્યુ કે તેને દેશ સિવાય બીજી કોઇ ઝંખના નથી.

એક મિત્ર ઈતિહાસના અભ્યાસું છે, તેમનું અડગપણે માનવું છે કે જર્મનીનો સરમુખત્યાર હિટલરે જન્મીને પ્રથમ વખત રડ્યો હતો તે રુદન પણ જુઠ્ઠાણું હતું !તેમનો દાવો છે કે હિટલર જેવો જુઠ્ઠો,ક્રુર અને હલકટ રાજકારણી આજ દિવસ સુધી જન્મ્યો નથી.આ દાવામાં વજુદ હોય કે ના હોય પણ આજે આપણે બીજા વિશ્વયુધ્ધના સર્જક ૮.૫ કરોડ લોકોના મોતના સોદાગર દૈત્યરાજ એડોલ્ફ હિટલર અંગે વાત કરીશું.એપ્રીલ ૨૦,૧૮૮૯ માં જર્મનીના પડોશી દેસ ઓસ્ટ્રીયામાં જન્મેલા હિટલરે ધર્મ-વંશવાદના ઝનુનમાં જુઠાણા અને જોહુકમીના જોરે અડધી દુનિયાને ખતમ કરી નાંખી.પછી એપ્રીલ ૩૦,૧૯૪૫ના દિવસે તેણે બર્લિનના એક બંકરમાં પોતાના દેશને ભડકે બળતો મુકીને કાયરની જેમ આત્મહત્યા કરી લીધી.હિટલરનું સૌથી મોટું હથિયાર જુઠ હતું.તે હળાહળ જુઠાણાઓ ફેલાવીને લોકોને સાચા મુદ્દાઓથી દુર ગેરમાર્ગે દોરીને પોતાના કુકર્મોને સાચા ઠેરવીને સત્તામાં આવ્યો હતો.હિટલરની જુઠાણા ફેલાવવાની કુટેવ તેના મૃત્યુ સુધી છુટી નહોતી. તે એટલી હદે જુઠ્ઠુ બોલતો કે તેને ખુદને પોતના જુઠાણા સાચા લાગવા માંડતા. છેલ્લા શ્વાસ સુધી તેણે પોતાને` દુનિયાનોએક અવ્વલ દેશપ્રેમી નો દરજ્જો આપીને એવું જુઠ્ઠાણું પીવડાવ્યુ હતું.

હિટલરને મુઠ્ઠીઓ ઉગામીને, ઝનુનપુર્વક ભાષણો કરવાનો શોખ હતો. તે ભાષણોમાં બેફામ ધાર્મિક,વંશવાદી ઝેર ફેલાવતો, રાષ્ટ્રવાદ અને આર્થિક વિકાસના નામે જુઠ્ઠાણાઓ ફેલાવતો, સભાની સામે જ્યારે તેને ગાંડા આખલાની જેમ ગાંગરવાનો મોકો ના મળતો ત્યારે તે રેડીયોના માધ્યમથી રાષ્ટ્રજોગ પ્રવચનો કરીને જર્મનીના નાગરિકોને જુઠ્ઠાણાનો ડોઝ નિયમિત પીવડાવતો.તેણે છેલ્લું રાષ્ટ્રજોગ રેડિયો સંબોધન જાન્યુઆરી ૩૦,૧૯૪૫ના રોજ કર્યું હતું. જેના



થોડાજ મહિનાઓ બાદ તે આપઘાત કરીને છુટી જવાનો હતો. આ એ ચસમય હતો જ્યારે જર્મનીનો પરાજય નક્કી થઈ ગયો હતો.

અમેરિકા,બ્રિટન,ફ્રાંસ અને રશિયા જેવા મિત્રદેશોના લશ્કરો છેક બર્લિન સુધી પહોચવાની અણીએ હતા.હિટલરના ભક્ત જર્મન નાઝીઓને પણ તેમના દેશની આટલી ખુવારી જોયા બાદ પછી ખબર પડી ગઈ હતી કે હિટલરે દેશ અને દુનિયાની બરબાદી સિવાય કંઈ ઉકાળ્યું નથી.હિટલરના તમામ જુઠ્ઠાણાઓ પાછળનું વરવું સત્ય તેના ભક્તો સમજી ચુક્યા હતા.અને ખરા ઉંદરોની જેમ આકાને છોડીને સુરક્ષિત સ્થળે ભાગવા માંડ્યા હતા.

હિટલર ખુદ સૌથી મોટો ઊંદર હતો તે જાણી ગયો હતો કે તેણે દેશનું નિકંદન કાઢી નાંખ્યું છે.અને દુનિયાની ઘોર ખોદતા ખોદતા તેણે પોતાની ઘોર પણ ખોદી નાંખી છે. આ અસત્યનો બેતાજ બાદશાહ બર્લિનના કોઈ બંકરમાં સુરક્ષિત ભરાઈ બેઠો હતો.આ બંકરમાંથી કરેલા તેના છેલ્લા પ્રજાજોગ સંદેશની શરુખાતમાં તેણે કહ્યુ કે તેની આગળનો નેતા(રીડ પ્રેસિડેન્ટ ફિલ્ડ માર્શલ પોલ વોન હિન્ડનબર્ગ)દેશને અત્યંત દારુણ પરિસ્થિતિમાં છોડી ગયો હતો.મને જ્યારે સત્તા સોપવામાં આવી ત્યારે જર્મનીની આંતરિક પરિસ્થિતિ ખુબ ખરાબ હતી. સિત્તેર લાખ લોકો બેરોજગાર હતા.સિત્તેર લાખ લોકો પાર્ટ ટાઈમ મજુર હતા.ખેતી,બંદરો, અને ઔધ્યોગિક એકમો ખતમ થઈ ગયા હતા.પોતાના પુર્વગામી કેટલો નબળો હતો અને તેણે દેશના અર્થતંત્રને કેટલું બરબાદ કરી નાંખ્યુ હતું તે ગણાવ્યા બાદ તેણે જાણે કે એકલા હાથે પોતે કેવી મહાન સિધ્ધિઓ હાંસલ કરી તે ગણાવી. મારા હાથમાં સત્તા આવ્યા પછી માત્ર છ વર્ષમાં જર્મનીએ મહામાનવની તાકાતે સફળતાઓ મેળવી.આપણી સમૃધ્ધિ જોઈને નપુંસક પાડોશી દેશોને પણ અદેખાઈ આવવા માંડી. તેણે આખાય ભાષણ દરમિયાન યહુદીઓનો અને મધ્ય એશીયાઈ બોલ્શેવિકોને ગાળો ભાંડી.હકિકત એ હતી કે હિટલરે જર્મનીને એક યુધ્ધખોર દેશ બનાવી દીધો હતો. તેણે યુધ્ધલક્ષી વિકાસનું લોહી તરસ્યું સપનું સાકાર કરવામાં આખાયે દેશને ધંધે લગાડીને જર્મનીને યુધ્ધની આગમાં હોમી દીધું હતું. હિટલરના વિકાસની વાતો એ પાડોશી દેશોએ અદેખાઈમાં જર્મની સાથે યુધ્ધ આદર્યું એ સદંતર જુઠ્ઠાણું હતું.

એ પછી હિટલરે તેના સંબોધનમાં રાષ્ટ્રવાદની જુઠ્ઠી સુનામી લાવી દેખાડી.આપણા રાષ્ટ્રની રચના મહાશક્તિશાળી પ્રભુએ કરી છે. આપણે પ્રભુની એ રચનાની રક્ષા કરી રહ્યા છીએ. એ કાર્યમાં આપણને ખુબ કઠણાઈઓનો

અનું પાન નં ૨ ઉપર

# રિટેલર્સ એસોસિએશને શંકા વ્યક્ત કરી : સરકાર મદદ નહીં કરે તો છ મહિનામાં ૩૦ ટકા રિટેલ દુકાનો બંધ થઇ જશે,૬૦ લાખ નોકરીઓ જશે

રિટેલર્સ એસોસિએશન ઓફ ઈન્ડીયાના સીઈઓ રાજગોપાલને આશંકા વ્યક્ત કરતાં કહ્યુ હતું કે રાષ્ટ્રવ્યાપી લોકડાઉન વચ્ચે સરકાર ભારતીય રિટેલ બજારને મદદ નહીં કરે તો ૩૦ ટકા રિટેલ બજાર બંધ થઈ જશે.તેમણે એમ પણ કહ્યુ હતું કે ફેબ્રુઆરીથી જ રિટેલ વેપારજગત પ્રભાવિત છે. ગયા મહિને સામાન્ય રિટેલ વેપારને મુકાબલે ૫૦ થી ૬૦ ટકા વ્યાપાર રહ્યો હતો.અને માર્ચ મહિનામાં રિટેલ વેપાર લગભગ શુન્ય છે. તેમણે આશંકા વ્યક્ત કરી કે આવી સ્થિતિ સતત ચાલુ રહી તો મોટા ભાગના રિટેલ વેપારીઓ ભીંસનો સામનો કરતાં થઈ જશે.

રાજગોપાલને કહ્યુ હતું કે રિટેલ બિઝનેસમેને દૈનિક ચુકવણી કરવી પડે છે. આવી સ્થિતિમાં તેમનો ખર્ચો કઈ રીતે ચાલશે ? તેમની આવકના આઠ ટકા ભાડા પાછળ ખર્ચાતા હોય છે.અને વેતન ખર્ચ ૭-૮ ટકા હોય છે. રિટેલર્સને સપ્લાયર્સને ચુકવણીઓ પણ કરવાની હોય છે.તે ચુકવણીઓ ઘોંચમાં પડેલી છે.તે ચુકવણીઓ કરવા રિટેલર્સ પાસે આવક નથી. આરએઆઈના સીઈઓએ કહ્યુ હતું કે રિટેલર્સના ૮૫ ટકા ખર્ચ ફિક્સ છે. સરકાર હસ્તક્ષેપ નહીં કરે તો હું સમજુ છું કે ૩૦ ટકા રિટેલ વેપારી આગામી છ મહિનામાં બજારમાંથી બહાર થઈ જશે.

રિટેલ બજારમાં ૬૦ લાખ લોકો સંકળાયેલા છે. રાજગોપાલનનું કહેવું છે કે તે પૈકી મોટાભાગના હાલમાં સંકટનો સામનો કરી રહ્યા છે.તેમને આ મહિને અને કદાચ આવતા મહિને પણ વેતન મળશે. પરંતુ તેની કિંમત રિટેલ બિઝનેસમેન ચુકવશે.બે ત્રણ મહિનાના વેતનનો ભાર ઉપાડી શકે તેટલા નાણાં તેમની પાસે નથી.સરકાર ભાડાઅને વેતન ચુકવણી માટે સબસીડી આપે તેવી માંગણી કરવામાં આવી છે.લીધેલા ધિરાણની ચુકવણી થોડો સમય રોકવા પણ વિનંતી કરી છે.

# ભારતના ગામો કોરોનાનો ગઢ બની જશે : વિશ્વ આરોગ્ય સંસ્થાની ચેતવણી

વિશ્વ આરોગ્ય સંસ્થાના ચીફ સાયન્ટીસ્ટ સૌમ્યા સ્વામીનાથને જણાવ્યુ હતું કે સામુહિક હિજરત મોટું જોખમ બની રહી છે. જો આ વાઈરસ ગામો સુધી પ્રસરી ગયો તો ભારતની સ્થિતિ અત્યંત ખરાબ થઈ જશે.ભારતમાં સોશિયલ ડિસ્ટન્સીંગનો અભાવ છેતેથી કોઈપણ બીમારીના સંક્રમણનું જોખમ વધી જાય છે..જો સરકાર પુરતાં પગલાં નહીં લે તો ભારતના ગામો કોરોનાના ગઢ બની જશે. અત્યારે લાખો પ્રવાસી શ્રમિકો પગપાળા પોતાના ઘરો તરફ પ્રયાણ કરી રહ્યા છે. આ લોકો ગામોમાં પહોચતાં વાઈરસનું સંક્રમણ થશે તો અત્યંત મુશ્કેલ પરિસ્થિતિ સર્જાશે.

ગીધ તેની ચાંચમાં ૩૦૦ ગ્રામ વજનવાળો પથ્થર ઉચકી શકે છે.
કરોળીયો એક મિનિટમાં લગભગ ૬ મીટર લાંબુ જાળુ બનાવે છે.
મેકસિકો અખાતમાં થતી મિકગાર્ડીયા નામની માછલીને બાર હાથ હોય છે.
તીતીઘોડો પોતાની પાંખોને પાછળના પગ સાથે ઘસી ખાસ પ્રકારનો અવાજ કરે છે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધું પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386



## વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો`જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃએ.એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.